# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-02-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ચુંટણી :

રાજ્યભરની સાથે કચ્છમાં પણ શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન યોજાયું.

કચ્છમાં ભચાઉ અને રાપર નગર પાલિકાઓમાં સામાન્ય ચૂંટણી અંતર્ગત મતદાન થયું જયારે તાલુકા પંચાયતની ત્રણ બેઠકો માટે પેટા ચૂંટણી યોજાઈ. ભચાઉમાં 7 વોર્ડની 28 બેઠકો પૈકી ભાજપે 17 બેઠકો બિન હરીફ જીતી લીધી હતી. બાકીની 11 બેઠકો માટે આજે મતદાન યોજાયું. જેમાં અમને મળેલ નવીનતમ માહિતી મુજબ, સરેરાશ ૨૭.૭૮ ટકા મતદાન નોંધાયું છે. જ્યારે, રાપરમાં 7 વોર્ડની 28 બેઠકો માટે સરેરાશ ૫૮.૮૪ ટકા મતદાન થયું છે. અહીં ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવાર વચ્ચે સીધો મુકાબલો થઇ રહ્યો છે.

જયારે, તાલુકા પંચાયતની પેટા ચૂંટણી અંતર્ગત મુન્દ્રાની મોટી ભુજપુર બેઠક માટે ૬૦.૦૦ ટકા, ભચાઉની લાકડીયા બેઠક માટે ૩૫.૫૦ ટકા અને માંડવી તાલુકાની દરશડીની બેઠક માટે ૫૧.૪૦ ટકા સરેરાશ મતદાન થયું છે.

ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. રાપર નગરપાલિકા વિસ્તારમાં મતદાન માટે મતદારોની લાંબી કતારો જોવા મળી હતી. યુવાનો, મહિલાઓ અને વયોવૃદ્ધ મતદારો મતદાનમથકે પહોંચ્યા હતા. આ તમામ બેઠકો માટે આગામી 18 મીએ મતગણતરી હાથ ધરાશે.

-----------------------------------------------------------------------------------

## પ્રસારણ મંત્રાલયના સચિવશ્રીની આકાશવાણી મુલાકાત :

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવશ્રી સંજય જાજુએ આજે આકાશવાણી, ભુજની મુલાકાત લીધી હતી આ અંગે સાંભળીએ એક અહેવાલ.

(વોઈસ કાસ્ટ)

*કચ્છની મુલાકાતે આવેલ કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ શ્રી સંજય જાજુએ આજે આકાશવાણી ભુજની મુલાકાત લીધી હતી અને અહીંથી પ્રસારિત થતા શ્રોતાઓના ખાસ પસંદીદા કાર્યક્રમોથી અવગત થઇ આ કાર્યક્રમોની તેમણે પ્રશંસા કરી હતી. તેમણે આગામી સમયમાં શરૂ થનાર FM નો વ્યાપ કચ્છના છેવાડાના અને સરહદી વિસ્તાર સુધી પહોંચશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.*

_

*આ ઉપરાંત, તેમણે સમાચાર વિભાગના વિવિધ સમાચાર બુલેટીન્સ અને અન્ય કાર્યક્રમો અંગે પણ વિગતો મેળવી હતી. ઇન્ટરનેટના યુગમાં આજે પણ આકાશવાણીના સમાચારો કચ્છના ગ્રામ્યક્ષેત્રના લોકો માટે સચોટ અને વિશ્વસનીય માહિતી મેળવવાનું શક્તિશાળી માધ્યમ બની રહેવા પામ્યા છે અને કુદરતી આફતો જેવી કે, ભૂકંપ, વાવાઝોડા, અતિવૃષ્ટિ વખતે આકાશવાણી ભુજની ભૂમિકા પ્રશંસનીય રહી છે તે અંગે સચિવ શ્રી જાજુએ રાજીપો વ્યક્ત કર્યો હતો. તેમણે સ્થાનિક કચ્છી ભાષામાં સમાચાર બુલેટીન શરૂ કરવા પર ખાસ ભાર મુક્યો હતો.*

_

*આ પ્રસંગે આકાશવાણીના રાજકોટ ક્લસ્ટરના વડા ડીડીજી બાબુલાલ મીણા, પ્રોગ્રામ વિભાગના વડા જયેશ રાવલ, પ્રોગ્રામ એક્ઝિક્યુટીવ ભરત ચતવાણી, ટેક્નિકલ હેડ નિગમ ઉપાધ્યાય, કમલેશ ગુપ્તા, મનોજ સોની સહિતના આકાશવાણી ભુજના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.*

*અશરફ નથવાણી આકાશવાણી સમાચાર ભુજ*

---

## શ્રીમદ રાજચંદ્ર માર્ગનું નામકરણ:

ભુજના રણજીત વિલાથી મંગલમ ચાર રસ્તાને જોડતા માર્ગને શ્રીમદ રાજચંદ્ર માર્ગ તરીકે સાંસદ વિનોદ ચાવડાના હસ્તે નામકરણ કરાયું હતું. શ્રીમદ રાજચંદ્રનું સમસ્ત જીવન લોકોના

આત્મકલ્યાણ માટે પસાર થયુ હતું. કચ્છ સાથેના તેમના જુના સંસ્મરણો યાદા કરાયા હતા. આ પ્રસંગે નગર પ્રમુખ સહિત સામાજીક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## રાજ્યના મુખ્ય ટાઉન પ્લાનરની ગાંધીધામ મુલાકાત:

રાજ્યના ચીફ ટાઉન પ્લાનર સહિત બે અધિકારીઓએ ગાંધીધામ મહાનગરપાલિકાની મુલાકાત લઈને દોઢ મહિનાના સમયગાળા દરમિયાન થયેલી કામગીરીની સમીક્ષા કરી હતી. ગાંધીધામ ડેવલપમેન્ટ ઓથોરિટી સહિતની સંસ્થાઓના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

જેમાં મહાનગરપાલિકાએ એ ઇસ્ટ અને વેસ્ટ જે બે ઝોન પાડ્યા છે. તેની વિસ્તૃત માહિતી લીધી હતી. આ ઉપરાંત વોર્ડ કેટલા છે કઈ રીતની કામગીરી થઈ રહી છે, તેની વિગતે ચર્ચા થઈ હતી. શહેરની સુંદરતા, રોડ રસ્તાના પ્લાનિંગ સહિતની બાબતોને લઈને આખો અહેવાલ માંગ્યો હતો.

આ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા ઝોન બનાવવા, દબાણો હટાવવા તેમજ સ્વચ્છતા અભિયાન સહિતની કામગીરીઓ કરવામાં આવી છે,જેની સમીક્ષા શહેરી વિકાસના અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## ઉંટપાલક સહાય વિતરણ:

કચ્છ જીલ્લા સહકારી દુધઉત્પાદક સંઘ લિમિટેડ સરહદ ડેરી સાથે સંકળાયેલા ઉંટ પાલક સભાસદનું અવસાન થતાં તેમના વારસદારને એક લાખ રૂપિયાની સહાય ચુકવાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોઈ ઉંટપાલક સભાસદનું અવસાન થાય તો તેના વારસદારને આ નાણાકીય સહાય આપવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------